ધાનેરાની વાસણ અને નેનાવા ચેકપોસ્ટને હથિયારધારી ચેકપોસ્ટ...



ગુજરાતમાં આતંકવાદી હુમલાને લઈ સરહદી ચેકપોસ્ટ પરથી સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. ત્યારે વાત કરવામાં આવે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા માં આવેલી નેનાવા તેમજ વાસણ ચેકપોસ્ટ ની તો ધાનેરાની નેનાવા અને વાસણ ચેકપોસ્ટ પરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી વી ડોડીયાના તાબા હેઠળ આ બંને ચેકપોસ્ટો પર ની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. અને વાહન ચેકિંગ પણ હાથ ધરવામાં આવી રહ્યું છે? સાથે સાથે હથિયારધારી જવાનો સહિત પોલીસ સબ ઈન્સ્પેક્ટરની પણ આ ચેક પોસ્ટ પર નિમણૂક કરવામાં આવી છે.

પ્રાંતિજ પોલીસે હાઈવા ગાડી ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ટુડોર ચાર રસ્તા પાસેથી હાઈવા ગાડીનો ચાલક પુરૂ ઝડપે બેદરકારી ગફલતભરી રીતે હંકારી લાવતા પ્રાંતિજ પોલીસે ગુનોનોધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી. પ્રાંતિજ ના ત્રણ રસ્તા પાસે પ્રાંતિજ પોલીસ ટ્રાફિક કામગીરી માં હતી તે દરમ્યાન ટુડોર તરફથી એક ટાટા કંપનીની હાઈવા ગાડીનો ચાલક પોતાની કબજા ની ગાડી પુર ઝડપે ગફલતભરી રીતે હંકારી લઈ આવતા પ્રાંતિજ પોલીસે ઉભો રાખી ગાડીના ચાલક ને પુર ઝડપે ગાડી ચલાવવા બાબતે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી ગાડી ચાલક અજયભાઈ રામશીભાઈ ભરવાડ ઉ.વર્ષ -૨૪ રહે.ભરવાડ ફળીયુ ખેમપુર તા.લુણાવાડા જિ.મહિસાગર હાઈવા નંબર પ્લ૦૧હઠ ૬૬૫૮ નો ચાલક ફુલફાસ્ટ હંકારીલાવી રાહદારીઓનો જીવ જોખમાય તે રીતે પુરઝડપે ચલાવી લઈ આવતા ચાલક વિરૂધ્ધ આઈપીસી કલમ-૨૭૯ તથા એમ.વી.એકટ કલમ-૧૭૭,૧૮૪ મુજબ કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

ડીસામાં આમ આદમી પાર્ટીએ આવેદનપત્ર આપ્યું

ગુજરાતમાં આમ આદમી પાર્ટીનું ૮૦૦ થી વધુ કાર્યકરોનું જમ્બો માળખું રવિવારે જાહેર કરવામાં આવ્યું છે.વધુમા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે, રાજ્યમાં અમે શિક્ષણ સહિતના મુદ્દાઓ ઉઠાવ્યાં છે. આગામી દિવસોમાં અન્ય મુદ્દાઓ પણ ઉઠાવવામાં આવશે. હાલમાં દેશમાં મફતમાં વીજળી આપતું એક માત્ર રાજ્ય દિલ્હી છે. દિલ્હી અને પંજાબમાં જો ફ્રી વીજળી મળી શકતી હોય તો ગુજરાતમાં કેમ નહીં? દેશમાં ગુજરાતમાં સૌથી મોંઘી વીજળી મળે છે. ગુજરાતમાં હવે અમે વીજળી મુદ્દે લડીશું. જે અંતર્ગત આજે ડીસા આમ આદમી પાર્ટીના કાર્યાલય ખાતે પ્રદેશ અધ્યક્ષ ભેમાભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં એક પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી ત્યારબાદ આમ આદમી પાર્ટી દ્વારા વીજળી ફ્રી આપવામાં આવે તે અંગે લેખિતમાં સરકારને ઉદ્દેશીને નાયબ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં વીજળી ફ્રી મળવી જોઈએ તેના માટે જિલ્લાના મુખ્યમથકો પર આવેદનપત્ર આપવામાં આવ્યાં હતાં તેમજ મીડિયા બ્રિફિંગ કરવામાં આવ્યું હતું વધુમાં જણાવ્યું હતું કે ૧૬ જૂનથી ૨૪ જૂન સુધી મહા જનસંપર્ક કરવામાં આવશે. જેમાં પદયાત્રા, રેલી કરી વીજળીનો મુદ્દો ઉઠાવશે. ૨૪ કલાક લોકોને ફ્રી વીજળી મળવી જોઈએ. ભાજપ આ આંદોલનમાં જે જુલમ કરશે તે અમે સહન કરવા તૈયાર છીએ ત્યારે લોકોને પણ આહવાન છે કે તમે પણ અમારી સાથે જોડાઓ.

હવે આમ આદમી પાર્ટી દ્વારા વીજળી સસ્તી કરો આંદોલન શરૂ કરવામાં આવ્યું છે જેમાં લોકો સુધી પહોંચીને વીજળી મુદ્દે પ્રશ્નો પુછશે અને તેના માટે ફોર્મ પણ ભરવામાં આવશે. વીજળીનો અધિકાર અપાવવા આંદોલન કરાશે. વીજળી કંપનીઓ અને ભ્રષ્ટ ભાજપના મિલિભગતથી મોંઘી વીજળી આપવામાં આવે છે તેની સામે આંદોલન સાથે શિક્ષણ, સ્વાસ્થ્ય સહિત અન્ય પ્રજા હિતના મુદ્દે પણ નાયબ કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી જેમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ભેમાભાઈ ચૌધરી, રમેશભાઈ નાભાણી,ડૉ.રમેશભાઈ પટેલ, નગરપાલિકાના આમ આદમી પાર્ટીના સદસ્ય વિજયભાઈ દવે સહિત નામી અનામી હોદેદારો-કાર્યકરો સાથે સમર્થકો જોડાયા હતા.

૯૯. જૂના ચામુની સીમમાં લાયસન્સ વગરની બંદૂક સાથે રાજસ્થાની ઈસમ ઝડપાયો : શિકાર માટે બંદૂક રાખ્યાની આશંકા

વડાલી તાલુકાના જૂના ચામું ગામની સીમમાં પોલીસે લાયસન્સ વગરની બંદૂક સાથે રાજસ્થાનના ઈસમની અટકાયત કરી લોકઅપમાં ધકેલ્યો છે. એક નાળની ફૂલ્લીદાર દેશી બનાવટની બંદૂક શિકાર કરવા માટે રાખ્યાની આશંકા વ્યક્ત થઈ છે. બનાવ અંગે વડાલી પોલીસે અમ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરુ કરી છે. સાબરકાંઠા જિલ્લામાં દેશી બનાવટની બંદૂકો જે રીતે પોલીસના હાથે પકડાઈ રહી છે તે જોતાં જાણે કે બંદૂક બનાવવાનો ગૃહ ઉદ્યોગ ક્યાંક શરુ થયો હોય તેવું લાગી રહ્યું છે. પોલીસ, એસ.ઓ.જી. અને એલ.સી.બી. ની ટીમો ગેરકાયદેસર હથિયાર જપ્તિ માટે દોડતી થઈ જેમાં પોશીના તાલુકામાં તો ગેરકાયદેસર બંદૂક જપ્તિ સમયે કાલીકાંકરમાં તો પોલીસ ઉપર હુમલો તેમજ ફાયરીંગની ઘટના નોંધાઈ છે. ઉચ્ચ કક્ષાએથી ગેરકાયદેસર હથિયારો જપ્તી માટેના આદેશો આપવામાં આવ્યા હોવાથી વડાલી પોલીસે તા. ૧૨ ના રોજ જૂનાચામું ગામથી કડીયાદરા તરફ જતા રોડ ઉપર વોચ રાખી માવારામ નાનજી તબિયા(રહે. આંબા, પોસ્ટ પૈયા, જિ.ઉદેપુર, રાજસ્થાન)ની અટકાયત કરી હતી. રાજસ્થાની ઈસમ પાસેથી મળી આવેલી છે ૫૦૦૦ની કિંમતની દેશી બનાવટની ફૂલ્લીદાર બંદૂક શિકાર કરવા માટે રાખી હોવાની વિગતો સામે આવી છે. જો કે આ હથિયાર તેને ક્યાંથી ખરીધું અને તેના દ્વારા કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિને અંજામ તો આપ્યો નથી ને..?? વગેરે દીશામાં પોલીસ દ્વારા તપાસ શરુ કરવામાં આવી છે. બનાવ અંગે અહેકો હરેશ ખીમજીભાઈની ફરિયાદના આધારે ધોરણસરની કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

સાબરકાંઠામાં શંકાસ્પદ કપાસ બિયારણમાં જીનર્સ-અધિકારીઓની સાંઠગાંઠની આશંકા

પાછલા ૪ વર્ષથી પ્રતિબંધિત બીટી, એચ.ટી. બિયારણના ઉત્પાદનનો ધંધો ધિકતો હોવાનું અનુમાન

એચ.ટી. સેમ્પલ પોઝિટિવ આવતાં 3 જીનર્સ સાણસામાં આવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૬

સાબરકાંઠામાં પાછલા ૩-૪ વર્ષથી પ્રતિબંધિત કપાસનું બીટી, એચ.ટી. બિયારણ ઉત્પાદન થતું હોવાની આશંકા છે. જિલ્લા ઉપરાંત રાજ્યના અન્ય જિલ્લા અને મધ્યપ્રદેશમાં પાછલા ૪ વર્ષમાં જે ૪૦ કરોડથી વધુનો પ્રતિબંધિત બિયારણનો જથ્થો હલવાયાની આશંકા છે. તાજેતરમાં વડાલીની ૪ જીનીંગમાંથી સીઝ કરાયેલા જથ્થાના સેમ્પલ બીટી, એચ.ટી. પોઝિટિવ આવ્યા પછી ૧૮ હજાર કીલોગ્રામ બિયારણનો જથ્થો જપ્ત કરાયો છે. જ્યારે સરકારના કુક પ્રતિબંધ છતાં જીનર્સ કયા ખિલ્લાના જોરે બિયારણનું ઉત્પાદન કરતા હતા. જેથી સમગ્ર પ્રકરણમાં જીનર્સ તથા ઉચ્ચ અધિકારીઓની સાંઠગાંઠની આશંકા પ્રબળ બની છે. કેટલાક જીનર્સ સાથે ઉચ્ચ અધિકારીએ નજીકના અંતરે આવેલા ૧૫ કી.મી.ના એક શહેરી વિસ્તારમાં બેઠક યોજ્યાની ચર્ચા શરૂ થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકાર દ્વારા બીટી કુપાસ તેમજ કપાસમાં એચ.ટી. નું પર્યાવરણ માટે ખતરારુપ હોવાથી તેના ઉત્પાદન ઉપર કુક પાબંધી લગાવવામાં આવી છે અને આવું પ્રતિબંધિત બિયારણ ઉત્પાદન કરનાર સામે કાયદામાં કડક સજાની જોગવાઈ કરવામાં આવી છે પરંતુ સાબરકાંઠાના વડાલી પંથકની કેટલીક જીનીંગમાં પ્રતિબંધિત બિયારણને ઉત્પાદિત કરવાનો કાયમી ધંધો શરુ કર્યો હોય તે રીતે બીટી, એચ.ટી. જીનવાળું કપાસનું શંકાસ્પદ બિયારણ ઉત્પાદિત કરી દર વર્ષે કરોડો રુપિયાનું બિયારણ બીલ તેમજ બીલ વગર અન્ય જિલ્લા તેમજ પરપ્રાંતમાં વેપારીઓને ધાબળી દેવામાં આવતું હોવાની લોકચર્ચા હતી. તાજેતરમાં જ વડાલીની ૪ જીનીંગમાંથી કપાસના શંકાસ્પદ બિયારણનો જથ્થો મળ્યા પછી લેબોરેટરીમાં તેનું પરીક્ષણ કરાવતાં ચોંકાવનારા રિપોર્ટ આવ્યા છે. રાજ્યના ખેતી વિભાગ(ગુણવત્તા)ના ઉચ્ચ અધિકારીઓ આવા બિયારણ ઉત્પાદન ન થાય તે માટે સઘન વોચ રાખીને બેઠા હતા છતાં તેમના માદરે વતનના જિલ્લાઓમાં આ રીતે પ્રતિબંધિત બિયારણનું ઉત્પાદન સ્વાભાવિક જ અનેક શંકાઓ ઉપજાવે છે. રાજ્ય સરકાર અને ખેતી વિભાગે આ બાબતે તપાસ ટીમની રચના કરવી જોઈએ અને જીનર્સના બેક્ર એકાઉન્ટમાં બિયારણ વેચ્યા પછી કોના કોના પેમેન્ટ જમા થયા..?? તેની તપાસ થાય તો રાજ્ય તેમજ આંતરરાજ્યમાં પર્યાવરણ માટે હાનિકારક બિયારણનો વેપાર ક્યાં ક્યાં સુધી પ્રસર્યો હતો તેની વિગતો સામે અવી શકે છે.

જીનર્સો સાથે બેઠક કર્યાની વાત ખોટી...

ખેતી વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર જે.બી.ઉપાધ્યાયે જણાવ્યું કે કેટલાક જીનર્સ સાથે બેઠક યોજાઈ હતી તે બાબત પાયા વિહોણી છે. મારે કોઈની સાથે મુલાકાત થઈ નથી. છેલ્લા કેટલાક સમયથી ખેતી વિભાગના ઉચ્ચ અધિકારીઓ શંકાસ્પદ બિયારણના કારણે લોકચર્ચામાં આવી ગયા છે.

ઉત્તર ગુજરાત વાસીઓ સાવધાન

શાકાહારી લોકો પણ શાકભાજી આરોગતાં માંસાહારી બની ગયા..!!

શાકભાજીમાં માછલી, દેડકાં, વિંછીનાં જીન

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૬

રાજ્યમાં શાકભાજીનું ઉત્પાદન ઘટવા લાગતાં રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં જીનેટીક મોડીફાઈડ બિયારણ વાપરી શાકભાજીના ઉત્પાદન માટે નવો કીમીયો ઠોકી બેસાડ્યો છે. પરંતુ ઉત્તર ગુજરાતના પ્રજાજનોએ હવે સાવધાન બનવું પડે તેમ જણાઈ રહ્યું છે. જેમાં શાકભાજીમાં માછલી, દેડકાં, વિંછીના જીનનો ઉપયોગ કરવામાં આવતો હોવાનો ખુલાસો ગ્રીન પીસે સંસ્થાએ કરતાં જે લોકો સાચા અર્થમાં માંસાહાર કરતા નથી તે આવા જીનવાળા શાકભાજી ખાવાથી આપોઆપ માંસાહારી બની ગયા છે. જેથી આવા જીનવાળા શાકભાજી ખાનારા ઉત્તર ગુજરાતના ૧ કરોડથી પણ વધુ લોકોએ શાકભાજીથી પણ ચેતવું પડે તેવી સ્થિતિ પેદા થઈ છે.

ગુજરાતમાં તેમજ દેશમાં માનવ વસ્તીમાં અગણિત વધારો થઈ રહ્યો છે. તો બીજી તરફ ભારત દેશ કૃષિ પ્રધાન દેશ હોવા છતાં અન્ય દેશોમાંથી શાકભાજી, કઠોળ તેમજ અન્ય અન્ન સામગ્રી આયાત કરવાની ફરજ પડી રહી છે. તેની પાછળ દેશ કૃષિ પ્રધાન દેશ હોવા છતાં માનવ વસ્તી વધવા લાગી છે અને ખેતી લાયક જમીનો ઘટવા લાગતાં હવે અન્ન સહિત શાકભાજીની અછત વર્તાઈ રહી છે. ત્યારે શાકભાજી આરોગવામાં ગુજરાત દેશમાં અવ્વલનંબરે છે. અને તેથી જ ગુજરાતમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન રાજ્યોમાંથી શાકભાજી ઠલવાઈ રહી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી શાકભાજીનું ઉત્પાદન ઘટતાં હવે ગુજરાતમાં પણ વધુ શાકભાજી ઉત્પાદન મેળવવા માટે જીનેટીક મોડીફાઈડ બિયારણનો વપરાશ વધ્યો છે. અને તેથી ઉત્પાદન એકાએક ૩ થી ૪ ગણું મળવા લાગતાં ખેડૂતો પણ હવે લાલચમાં આવી મોટા પાયે જીનેટીક મોડીફાઈડ યુક્ત શાકભાજીનું વાવેતર કરવા લાગ્યા છે. અને તેમાંથી ઉત્તર ગુજરાતના ખેડૂતો પણ બાકાત રહ્યા નથી. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, મહેસાણા, પાટણ, બનાસકાંઠા જિલ્લાના અગ્રગણ્ય શહેરોમાં ઉત્તર ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્રમાંથી દરરોજની લાખો ટન શાકભાજી ઠાલવવામાં આવીરહી છે અને તેમાં આવતા બટાટા, ટમેટા, રીંગણાં, કોબિઝ વગેરે આવી રહ્યાં છે તેમાં કેટલાક વેપારીઓને બાદ કરતાં મોટા ભાગનાં શાકભાજી જીનેટીક મોડીફાઈડ બિયારણમાંથી ઉત્પાદીત થયેલાં છે. જેમાં મળેલી વિગતો અનુસાર ટામેટામાં માછલી, કોબિઝમાં વિંછી, બટાટામાં દેડકાં અને ભીંડામાં મકડીનું જીન ઉમેરવામાં આવે છે. જ્યારે વૈજ્ઞાનિકોએ દરેક પ્રાણીના વજન અને કદ સહિતની ખામીઓ માટે ચોક્કસ એક જીન જવાબદાર હોય છે એ જાણકારીનો વૈજ્ઞાનિકોએ ભરપુર ફાયદો ઉઠાવી જીનેટીક મોડીફાઈડ ફૂડ વિકસાવી દીધું છે. અને તેને મોડીફાઈડ જીનેટીક બિયારણ તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તર ગુજરાતમાં બિયારણોના વાવેતર બાદ બટાટા દેડકાની સાઈઝના મોટા બન્યા છે. જ્યારે ટામેટાં પણ માછલીના જીનના લીધે વધુ સ્વાદીષ્ટ બન્યાં છે. જ્યારે આંતરરાષ્ટ્રીય સંસ્થા ગ્રીનપીસે જે આક્ષેપ કર્યો છે તેને એફબીડીએસ સંસ્થાનો પણ ટેકો હોવાનું જાણવા મળેલ છે. જ્યારે આવા શાકભાજી આરોગવાથી હૃદય રોગ, કીડનીનું કેન્સર, ડાયાબીટીશ, બ્લડપ્રેશર, આંખમાં ઝાંખપ, માનસિક બિમારી, માથુ દુઃખવું વગેરેના રોગોને નિમંત્રણ મળે તેમ છે. ટૂંકમાં ઉત્તર ગુજરાતની પ્રજા દરરોજ જે શાકભાજી ખાઈ રહી છે તે સાચા અર્થમાં શાકાહારી નથી પરંતુ તે શાકભાજી જીનને લીધે માંસાહારી હોવાનું માનવું રહ્યું.

સાબરકાંઠા-અરવલ્લીની નદીઓ સૂકી ભઠ્ઠ બની જતાં મૂંગા પશુઓને સાચવવાં મુશ્કેલ બન્યાં

પાણી માટે દૂર દૂર ભટકતાં મૂગાં પશુઓ

બાયડ (બ્યુરોઓફિસ), તા.૧૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાળઝાળ ઉનાળામાં નદીઓએ પણ છેહ દેતાં સૂકી ભઠ્ઠ બની ગઈ છે. જેથી મૂંગા પશુઓને પાણી માટે દૂર દૂર ભટકવાનો વારો આવતાં પશુપાલકો પણ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા જિલ્લાના ૪ જળાશયોમાં જે પણ પાણી બચ્યું છે તે છોડી મૂંગા પશુઓની તરસ છીપાવે તેવી પશુપાલકોએ માંગ કરી છે.

સાબરકાંઠા-અરવલ્લીની વાત્રક, હરણાવ, મેશ્વો, માઝૂમ સહિતની અનેક નદીઓ ઉપર રાજ્ય સરકારે જળસંચય યોજનાને સાકાર કરવા માટે કરોડો રૂપિયાના ખર્ચે ચેકડેમો બાંધતાં ચેકડેમ વિસ્તારોમાં પાણીના જળસ્ત્રોત ઉંચા આવ્યા હતા અને તેનો મહત્તમ ફાયદો ઈરીગેશનથી સિંચાઈનો લાભ મેળવતા ખેડૂતોએ તેમજ ઘરેલુ સિંચાઈથી લાભ મેળવતા ખેડૂતોએ લીધો હતો. પરંતુ ચેકડેમ આશીર્વાદરૂપ થવાની સાથે નદીઓ માટે શ્રાપરૂપ પૂરવાર થઈ રહ્યા છે. ચેકડેમો બંધાઈ જતાં મુખ્ય બંધમાંથી આવતો પાણીનો સ્ત્રોત ચેકડેમમાં અવરોધાતાં નદીઓ કોરી ધાક્કોર બની રહેવા લાગી છે જેથી અનેક નદી કિનારાના ગામોમાં મૂંગા પશુઓ માટે ભરઉનાળે પીવાના પાણીનો વિકટ પ્રશ્ન ઉદ્ભવ્યો છે. નદી કિનારા વિસ્તારના ગ્રામજનોના જણાવ્યા અનુસાર ચેકડેમો બંધાતાં લાભીત ગામોને અને ખેડૂતોને ફાયદો થયો છે. પરંતુ અન્ય નદી કિનારાના ગામોને જે બારેમાસ નદીનું પાણી મળતુ હતુ તે હવે છેલ્લા બે વર્ષથી ભરઉનાળે બંધ થઈ જતાં ઝરણાં સૂકાવાની સાથે નદીઓ પણ સૂકી ભઠ્ઠ રણપ્રદેશ જેવી બની રહી છે. જેથી રાજ્ય સરકારે નદીઓનું મહત્વ ઘટી ન જાય તે બાબતે યોગ્ય દીશામાં વિચારવું રહ્યું જયારે ભાવિ પેઢીના બાળકોને પણ નદીઓ ખળખળ વહેતી હોય છે તેવું સમજાવી અને ભણાવવામાં આવે છે. પરંતુ હાલ ચેકડેમો નદીઓ ઉપર બંધાઈ જતાં નદીઓ તેમની આગવી ઓળખ ગુમાવી દેતાં ભાવિ પેઢી પણ નદીઓને લોકમાતા તરીકે આવનારા દિવસોમાં ભૂલી જશે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

ઉંડાણના ગામડાઓમાં આધુનિક દૂરસંચાર શોભાનો તાજ

સાબરકાંઠા-અરવલ્લીના આદિવાસી વિસ્તારોમાં મોબાઈલ નેટવર્કના ધાંધિયા



બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૬

આધુનિક દૂરસંચારના યુગમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં આજે પણ મોબાઈલ નેટવર્ક સેવા અપર્યાપ્ત બની રહી છે. મોટા ભાગના આદિવાસી વિસ્તારોમાં બી.એસ.એન.એલ.ની મોબાઈલ સેવા સહિત અન્ય ખાનગી મોબાઈલ કંપનીઓના નેટવર્કનો પાનાો પહોંચતો ન હોય તેમ આદિવાસી વિસ્તારોમાં મોબાઈલ સેવા શોભાનો તાજ બની રહી છે. જિલ્લામાં વર્ષોથી પછાતપણાનું વાંજીયા મેણું ભોગવતા અંતરીયાળ આદિવાસી વિસ્તારોની પ્રજામાં શિક્ષણનું સ્તર વધતાં પ્રજાના જીવના ધોરણમાં પણ સમય સાથે બદલાવ આવતો જોવા મળી રહ્યો છે ત્યારે કેટલાક ઉંડાણના આદિવાસી વિસ્તારના ગામડાઓમાં આજેપણ જરૂરી પાયાની સુખ સુવિધાઓ ઉપરાંત મોબાઈલ સેવા પણ મળતી ન હોવાથી ઉંડાણના વિસ્તારોની પ્રજા દેશ અને વિદેશની ઘટનાઓથી ક્યારેક દિવસો સુધી બેખબર રહેતી હોય છે. જિલ્લાના વિજયનગર અને ખેડબ્રહ્મા તાલુકામાં બી.એસ.એન.એલ. તંત્રની નબળી સેવાઓથી અનેક ગામડાઓમાં મોબાઈલ નેટવર્ક મળતુ ન હોવાની ફરિયાદો સમયાંતરે ઉઠી રહી છે.

હિન્દુત્વ અને હિંદુને ઓળખો...એ ના તો સંપ્રદાય છે...ના કોઈ ધર્મ...!!

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૧૬

હિન્દૂ શબ્દ આજનો નહિ પણ સૃષ્ટિ ઉત્પત્તિકાળ એટલે કે લગભગ ૨૦૦ કરોડ વર્ષ જૂનો છે!! ધર્મ એટલે સત્ય!! 'પ્રાચીનકાળમાં સત્યની રાહ ઉપર ચાલતા લોકો હોય તેને ધાર્મિક લોકો કહેવામાં આવતા...' ૫૦૦૦ વર્ષ પહેલા સૃષ્ટિ ઉપર કોઈ સંપ્રદાય નહોતા ત્યારે ધર્મ અને ધાર્મિકતાના દ્રષ્ટાંતરૂપે હિન્દૂ સભ્યતાનું ઉદાહરણ અપાતું.... આદિઅનાદી કાળથી ભારતવર્ષ એટલે કે આજનું લગભગ મોટાભાગનું એશિયા છે તે કે જ્યાં માનવ વસવાટ કરતો તેમાં ઉચ્ચકોટીની સભ્યતા અને સંસ્કાર જોવા મળતા... એટલે આ સભ્યતાનું નામ 'હિન્દૂ સંસ્કૃતિ' અથવા તો 'આર્ય સંસ્કૃતિ' એવું ઉપનામ પ્રસિદ્ધ થયું હતું!! સત્યતા યાની ધર્મ જોવો હોય તો દ્રષ્ટાંત તરીકે હિન્દૂ સંસ્કૃતિનું નામ લેવાતું!! 'એટલે કે સત્યનો પર્યાય એટલે ધર્મ અને તેનો પર્યાય એટલે હિંદૂ!!' આવી રીતે હિંદૂને ધર્મ માનવામાં આવ્યો, કે જેનો કોઈ સ્થાપક પુરુષ જ નથી... સૃષ્ટિ રચયિતા જ એના સ્થાપક!!

બાકી સૃષ્ટિ ઉપર છેલ્લા ૩૦૦૦ વર્ષમાં લગભગ ૧૭૦૦ સંપ્રદાયે જન્મ લીધો, જેમાં કેટલાકનું બાળમૃત્યું થયું, કેટલાક ૨૦૦-૫૦૦ વર્ષ ચાલીને લુપ્ત થઈ ગયા અને કેટલાક આજે પણ જીવી રહ્યા છે કે જેની સ્થાપના કોઈને કોઈ ઈશ્વરી પુરુષ દ્વારા કરાઈ હોય!! બુદ્ધ, જૈન, ઈસ્લામ, ઈસાઈ, શીખ એવા ઘણા બધા સંપ્રદાય આજે લોકપ્રસિદ્ધ છે, 'પરંતુ હિન્દૂ કોઈ સંપ્રદાય નથી!! અને હિન્દૂ અથવા આવા અન્ય સંપ્રદાય પણ કોઈ ધર્મ નથી...' બસ ધર્મને રસ્તે ચાલવાનું શીખવનાર સંપ્રદાય જરૂર છે!!

હિન્દૂ અને હિન્દુત્વ ૨૦૦ કરોડ વર્ષથી ચાલતું રહેલું છે, છેલ્લા ૩૦૦૦ વર્ષમાં ભારતમાં અનેકવાર હિન્દુત્વને લલકારવામાં આવ્યું...હુમલા અને જુમલા થયા પણ હિન્દુત્વ એટલુંજ સ્વસ્થ બનીને હસતું રહ્યું!! અને આજે કોઈ હિન્દૂ કે હિન્દુત્વને ભૂંસી નાખીસુ તેવી બડાસ હાંકતું હોય તો તે તેનો ભ્રમ છે... ભારતના ઈતિહાસે વચગાળાના ૩૦૦ વર્ષ એવા કાઢ્યા કે રામ, કૃષ્ણ, શિવ કે દેવી દેવતાઓની કોઈને ખબર પણ નહોતી છતાંય હિન્દુના DNA એટલા પાવરફુલ છે કે ફરીથી રામના ગુણગાન ગાવાના ચાલુ થયા, કૃષ્ણ ફરીથી રાસ કરવા લાગ્યા અને શિવ ફરીથી તાંડવઃ કરવા આવ્યા!! 'દૃષ્ટ લોકો હિન્દૂ દેવી દેવતાઓનુ નામો નિશાન મિટાવવાની હજાર કોશિશ કરી લે પણ આ દેવી દેવતાઓ અજય છે, અમર છે અને હાજરાહજૂર છે.... ક્યારેય હિન્દૂ કે હિન્દુત્વ મરવાનું નથી...' કારણ કે હિન્દૂ ના કોઈ સંપ્રદાય છે ના કોઈ ધર્મ!!

હિંદૂ એ માનવતા છે....હિંદૂ એ સભ્યતા છે .... હિંદૂ એ લોહીમાં ઉતરેલા ૨૦૦ કરોડ વર્ષના સંસ્કાર છે!! લાખ કોશિશ કરવાની છૂટ છે પણ હિન્દૂ શબ્દ ભૂંસાવાનો નથી... બીજા બધાય ભૂંસાઈ શકે કારણકે કોઈકને કોઈક પુરુષે તેની સ્થાપના કરી છે... 'જ્યારે હિન્દૂ એ ખુદ સૃષ્ટિ રચયિતાનું સુંદર મજાનું સર્જન છે!!' હિન્દૂ ત્યારે જ ભૂંસાઈ જશે જ્યારે આ સૃષ્ટિને ભૂંસાઈ જવાનો સમય આવશે..., બાકી કોઈ માઈના લાલની તાકાત નથી કે હિંદુઓનો વાળ પણ વાંકો કરી શકે!!

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વન અધિકારીઓ લીલાછમ-વિરાંજલી વન સંપૂર્ણ કરમાયા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૬

રાજ્ય સરકારે રાજ્યભરમાં વિરાંજલી વન યોજના અંતર્ગત કરોડો વૃક્ષો વાવી ઈતિહાસ સર્જ્યો હતો અને જ્યારે વિરાંજલી વન કાર્યક્રમ અમલમાં મૂકાયો ત્યારે તેનો નિભાવ થશે કે કેમ તે બાબત સૌને ચકરાવે ચડાવી દીધા હતા અને આજે આ યોજનાને ૧૫ વર્ષ ઉપરાંતનો સમયગાળો પૂર્ણ થયો છે ત્યારે વન અધિકારીઓ લીલાછમ બની ગયા છે પરંતુ વિરાંજલી વનના સર્વાંગી વિકાસની જવાબદારી હતી તેવા વિરાંજલી વન નામશેષ થઈ રહ્યા છે.

મળતી વિગતો અનુસાર રાજ્યમાં ભા.જ.પા. સરકારે ગ્લોબલ વોર્મિંગના ખતરા સામે આમ પ્રજાને જાગૃત કરવા ૧૫ વર્ષ અગાઉ વિરાંજલી વન કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકારના મંત્રીઓને ગામડાઓમાં મોકલી વૃક્ષોના ઉછેર અને જતન બાબતે પ્રજાને માહિતગાર કર્યા હતા જ્યારે જિલ્લાના વહીવટી તંત્ર તથા જંગલ ખાતાએ પણ જે તે વિસ્તારોમાં વિરાંજલી વન ઉભા કરવાના હતા ત્યાં ટ્રેક્ટરમાં નાના-મોટા છોડના રોપા લાવી જે તે આમંત્રિતોની ઉપસ્થિતિમાં છોડ વાવી દીધા બાદ પોતાની કામગીરી પૂર્ણ થઈ હોય તે રીતે મોટાભાગે ક્યારેય વિરાંજલી વન તરફ લમણો વાળ્યો હોય તેવું ગ્રામ્ય તથા શહેરી પ્રજાના ધ્યાનમાં નથી ઉલ્ટાના વૃક્ષ છેદન અનેક ગણું વધી ગયું છે અને તેમાં વન ખાતાના અધિકારીઓનો સિંહ ફાળો હશે તેમ કહેવામાં આવે તો પણ જરાય અતિશોક્તિ નહીં ગણાય. જિલ્લામાં અનેક વિસ્તારોમાં વિરાંજલી વનો ગાયબ થઈ જતાં માત્ર વિરાંજલી વનના સરસ આલેખાયેલા બોર્ડ હાડપિંજર જેવા લાગતા ઉભા રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર તથા રાજ્યના વન ખાતાએ પણ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વિરાંજલી વનના જતનમાં ઉણા ઉતરેલા અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવી રહી તેવી સર્વમાન્ય લાગણી ઉભરી રહી છે.

સગાઈનો પ્રસંગ પૂર્ણ કરી પરત ફરતા અકસ્માત નડયો : પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સાદોલીયા પુલ નજીક ટ્રક ચાલકે કારને ટક્કર મારતા કાર મા રહેલ ચારને ઈજાઓ પોહચી હતી તો ઈજાગ્રસ્તોને પ્રાંતિજ-હિંમતનગર ખાતે ખસેડવામા આવ્યા હતા

તલોદ ખાતે રહેતા અશોકસિંહ માનસિંહ મકવાણા ના પોતાના દિકરાની સગાઈ હોય સગાઈ નો પ્રસંગ પતાવીને બપોર બાદ પરત ફરતા પ્રાંતિજ ના સાદોલીયા રોડ ઉપર સાદોલીયા પુલ ઉપર થી પ્રસાર થઈ ને પ્રાંતિજ તરફ આવતા હતા તે દરમ્યાન વળાંક મા પ્રાંતિજ તરફથી એક ટ્રક નંબર જી.જે-૦૯એયુ-૬૩૭૮ નો ચાલક રોંગ સાઈડ મા આવી ને ફુલફાસ્ટ બેદરકારી રીતે અને ગફલત ભરી હંકારી લાવી સામેથી આવતી કાર જી.જે.૦૯ બી.બી૧૮૬૯ ને સામે થી ટક્કર કાર નો આગળ નો ભાગ તથા આગળનો દરવાજો તોડી નાખેલ હતો તો કારમા સવાર અશોકભાઈ અશોકસિંહ ને જમણા પગે ઢીંચણ ના નીચેના ભાગે ઈજાઓ પોહચી હતી તો અશોકસિંહ ની દિકરી સાધનાબા ને માથાના ભાગે ઈજાઓ પોહચી હતી તો જમાઈ ઈન્દ્રજીતસિંહ ને ડાબા હાથના ભાગે તથા રાધાબા રણજીતસિંહ ચૌહાણ ને જમણા પગ ના ભાગે ઈજાઓ પોહચી હતી તો અકસ્માત સર્જી ને ટ્રક ચાલક ટ્રક મુકી ને ભાગી ગયો હતો તો અકસ્માત ને લઈ ને આજુબાજુ માંથી લોકો દોડી આવ્યા હતા ઈજાગ્રસ્તો ને રીક્ષા મા બેસાડીને સારવાર અર્થે પ્રાંતિજ ખાતે ખસેડવામા આવ્યા હતા જેમા સાધનાબા ને વધુ ઈજાઓ થતા તેવો પ્રાંતિજ બાદ હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અશોકસિંહ માનસિંહ મકવાણા ઉ.વર્ષ-૪૮ ધંધો-નોકરી રહે તલોદગામ તા.તલોદ, જી.સાબરકાંઠા ની પોલીસ ફરિયાદ ને લઈ પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથાએમ.વી એકટ કલમ ૧૭૭,૧૮૪ મુજબ ગુનોનોધી આગળ ની તપાસ હાથ ધરવામા આવી હતી.